| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખઃ | ૧૫/૦૯/૨૦૦૧ | | |
| રજીસ્ટર્ડ તારીખઃ | ૧૫/૦૯/૨૦૦૧ | | |
| ફેંસલ તારીખઃ | ૩૦/૦૯/૨૦૨૧ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૨૦ | ૦૦ | ૧૫ |

---

**મે. સુરતના ૧૪માં એડી. એડી. ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટ સમક્ષ**

---

**<u>ફોજદારી કેસ નં.૩૨૩૭/૨૦૦૧</u>**
આંકઃ

ફરિયાદીઃ– (૧) **શ્રી સરકાર**

<u>વિરૂદ્ધ</u>

આરોપી :– (૨) **રાકેશકુમાર મહિપાલસિંહ કુસ્વાલ**
ઉં.આ. વર્ષ, ધંધોઃ –
રહે. ગોડદરા પ્રિયંકા ટાઉનશીપ, એફ–૨૧૨, બીજામાળે,
લીમ્બાયત સુરત, મૂળ. રહે.કાતોર થાના–મારહશ,
તા.કાસગંજ, જિ.એટા (યુ.પી.)

---

ગુનોઃ– ઈ.પી.કો. કલમ– ૪૦૬, ૪૨૦, ૪૧૧, ૧૧૪ મુજબનો

---

| | | | |
|---|---|---|---|
| સરકારશ્રી | તરફે | વિ.એ.પી.પી.શ્રી | એમ.એલ.દેસાઈ |
| આરોપી નં. ૨ | તરફે | વિ.વ.શ્રી. | વી. આર. શુકલ |

---

**–:<u> ચુ કા દો :–</u>**

(૧) આ કામે આરોપી વિરુધ્ધ વરાછા પો.સ્ટે.ફર્સ્ટ.ગુ.ર.નં.૧૨૬/૨૦૦૧, ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૦૬, ૪૨૦, ૪૧૧, ૧૧૪ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે.

(૨) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત જોઈએ તો, આ કામના આરોપીઓએ એકબીજાને મદદગારી કરી, આરોપી નં.૧ નાએ આ કામના ફરિયાદીને વિશ્વાસમાં રાખી, ફરિયાદી પાસેથી ત્રણ કાર ટેપ લઈ છોકરાને બતાવીને જો ટેપ તેમને તે ટેપ તે લઈ લેશે એમ જણાવી, ફરિયાદી સાથે વિશ્વાસઘાત

કરી ત્રણેય કાર ટેપ લઈ જઈ, આરોપી નં.૨ નાએ વિશ્વાસઘાત કરીને મેળવેલ મુદ્દામાલ વેચવા માટે રાખી, પકડાઈ જઈને ઈ.પી.કો. કલમ– ૪૦૬, ૪૨૦, ૪૧૧, ૧૧૪ મુજબનો ગુનો કરેલ, તે મતલબની ફરીયાદ ફરીયાદીએ આપતા ઉપરોક્ત મુજબનો ગુનો વરાછા પો.સ્ટે.ફર્સ્ટ.ગુ.ર.નં.૧૨૬/૨૦૦૧ થી નોંધાયેલ અને ત્યારબાદ તે સંદર્ભે તપાસ કરનાર અમલદારે જરૂરી કાર્યવાહી હાથ ધરી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૩) ચાર્જશીટ રજુ થતા આ કામના આરોપીઓને હાજર રહેવાનો સમન્સ બજતા આરોપી નં.૨ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે મળ્યાની ખાતરી કરવામાં આવેલ. સદર ગુનાના કામે આરોપી નં.૧ ને સમન્સ વોરંટ કાઢવા છતા, તેઓ હાજર રહેલ નહીં. જેથી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૭(૨) મુજબ આરોપી નં.(૧) સામેનું ચાર્જશીટ અલગ કરવાનો હુકમ આંક–૯ હેઠળ તારીખ ૦૯.૦૩.૨૦૨૦ ના રોજ કરવામાં આવેલ છે. ત્યાર બાદ આંક–૧૦ થી આરોપી નં.૨ સામે તહોમતનામું ફરમાવી આંક–૧૧ થી આરોપી નં.૨ ની પ્લી રેકર્ડ કરી આરોપીને ગુના બાબતે પુછતાં, તેઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષ તરફે નીચે જણાવ્યા મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદી ભરતભાઈ મનસુખભાઈ દુધાત | ૧૩ |
| ૨. | સાહેદ વિજયભાઈ બાવચંદભાઈ | ૧૫ |
| ૩. | પંચ સાહેદ નરેન્દ્રભાઈ જંયતિભાઈ | ૧૬ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૧૪ |
| ૨. | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૧૭ |

(૫) ફરીયાદ પક્ષ તરફે સદર કામે આંક–૧૯ થી ફરિયાદી પુરાવો બંધ કરવાની પુરશીશ આપતાં ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ફરીયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આરોપીઓ વિરદ્ધ ક્રિ.પ્રો.કો.ની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન લેવાપાત્ર પુરાવો ન હોય આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. આ કામે આરોપી પક્ષે તેઓના નિવેદનમાં બચાવના કોઈ સાહેદો તપાસવા માંગતા નથી અને સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી તેવુ જણાવેલ છે.

(૬) ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.એલ.દેસાઈ તથા આરોપી નં.૨ તરફે વિ.વ.શ્રી નાઓની દલીલ સાંભળી.

(૭) ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી કેસ ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થાય છેઃ–

**–: <u>મુદ્ધા</u> :–**

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ એકબીજાને મદદગારી કરી, આરોપી નં.૧ નાએ આ કામના ફરિયાદીને વિશ્વાસમાં રાખી, ફરિયાદી પાસેથી ત્રણ કાર ટેપ લઈ છોકરાને બતાવીને જો ટેપ તેમને તે ટેપ તે લઈ લેશે એમ જણાવી, ફરિયાદી સાથે વિશ્વાસઘાત કરી ત્રણેય કાર ટેપ લઈ જઈ, આરોપી નં.૨ નાએ વિશ્વાસઘાત કરીને મેળવેલ મુદ્ધામાલ વેચવા માટે રાખી, પકડાઈ જઈને ઈ.પી.કો. કલમ– ૪૦૬, ૪૨૦, ૪૧૧, ૧૧૪ મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલ છે?

મુદ્ધા નં.૨: શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્ધા પરત્વેના નિર્ણય નીચે જણાવેલ કારણોસર, નીચે મુજબ છેઃ–

મુદ્ધા નં.૧: નકારમાં

મુદ્ધા નં.૨: આખરી હુકમ મુજબ

**–// કા ર ણો //–**

(૯) ફોજદારી કાર્યરીતી પ્રણાલી પ્રમાણે ફરિયાદ પક્ષે આરોપી વિરૂદ્ધ આક્ષેપિત ગુના શંકાથી પર સાબિત કરવાના હોય છે અને તે મુજબ આ શંકારહિત કેસ સાબીત કરવાની જવાબદારી ફરિયાદપક્ષના શીરે છે. જેથી આ સ્પષ્ટ કાયદાની પરિસ્થિતી ધ્યાને લઈને નીચે મુજબના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૧૦) **મુદ્દા નં.૧,૨**

(૧૦.૧)સદર કામે આંક–૧૩ થી ફરિયાદી ભરતભાઈ મનસુખભાઈ દુધાતને તપાસવામાં આવેલા છે, તેઓના પુરાવા મુજબ,બનાવ તારીખ ૩૦.૦૨.૨૦૦૧ ના રોજ તેઓ તેમની દુકાનમાં હાજર હતા તે દરમ્યાન આશરે દશેક વાગ્યાના સુમારે એક ભાઈ આવેલ અને તેમને જણાવેલ કે, તેમને કાર ટેપ વેચાતી લેવી છે તેથી તેમણે ટકારા કંપનીનો કારટેપ બતાવેલ અને તે ભાઈએ તેમને કહેલ કે, તેઓને ગાડીમાં કારટેપ ફીટ કરવું છે અને તેમ કહીને તેઓ લઈ ગયેલા. કારટેપ સાથે તેમણે વિજયભાઈને મોકલેલ અને જણાવેલ કે, ગાડીની ચાવી દુકાનમાં ભૂલાઈ ગઈ તેમ કહીને કારટેપ લઈ જતા રહેલા. ત્યાર બાદદ તેઓએ તે ઈસમની શોધખોળ કરતા તે મળી આવેલ નહી, તેમને તે ઈસમનું નામ ખબર નથી અને તેઓ આ કામના આરોપીને જોઈને ઓળખી શકે છે. વધુમાં તેમને આંક–૧૪ વાળી ફરિયાદ બતાવતા તેઓ તેમની સહી ઓળખી બતાવે છે. ત્યાર બાદ આરોપીના વિ.વ.શ્રીને સદરહુ ફરિયાદીની ઉલટતપાસ માટે વારંવાર પોકાર કરતા આરોપી કે તેમના વકીલશ્રી અત્રે કોર્ટ સમક્ષ હાજર રહેલ ન હોવાથી તેઓને ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૧૦.૨)સદર કામે આંક–૧૫ થી સાહેદ વિજેશભાઈ બાવચંદભાઈને તપાસવામાં આવેલા છે, તેઓના પુરાવા મુજબ,બનાવ ક્યારે બનેલો તેની તેમને ખબર નથી. બનાવ સમયે તેઓ દુકાને હાજર હતા ત્યારે એક ઈસમ આવેલ અને તેમને એક કારટેપ કારમાં ફીટ કરવા જણાવતા તેઓ એક કારટેપ લઈને તેઓ તેમની સાથે ગયેલા. કારટેપ કઈ કંપનીનું હતું તેને તેમની ખબર નથી. ત્યાર બાદ તે ઈસમે તેમની ચાવી દુકાનમાં ભૂલી ગયેલ છે. જેથી તેઓ દુકાનમાં ચાવે લેવા ગયેલા. તેઓને આરોપીનું નામ ખબર નથી. કોર્ટમાં હાજર આરોપીને તેઓ ઓળખી શકે નહીં. પોલીસને તેઓએ કોઈ બાબત

લખાવેલી નથી કે પોલીસે તેમને કાંઈ પુછેલ નથી. ત્યાર બાદ આરોપીના વિ.વ.શ્રીને સદરહુ સાહેદની ઉલટતપાસ માટે વારંવાર પોકાર કરતા આરોપી કે તેમના વકીલશ્રી અત્રે કોર્ટ સમક્ષ હાજર રહેલ ન હોવાથી તેઓને ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૧૦.૩)સદર કામે આંક–૧૬ થી પંચ સાહેદ નરેન્દ્રભાઈ જંયતિભાઈને તપાસવામાં આવેલા છે, તેઓના પુરાવા મુજબ, બનાવ બાબતે તેમને કોઈ માહિતી નથી. બનાવ બાબતે તેમને કોઈ પંચનામું પોલીસ સમક્ષ લખાવેલ કે તે તેમને ખબર નથી. તેઓ બોલતા ગયેલા હોય અને પોલીસ લખતા ગયા હોય તેવું પણ કાંઈ બનેલ નથી. તેઓને આંક–૧૭ થી પંચનામું બતાવવામાં આવતા તેમા તેમણે પંચ નં.૧ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે. ત્યાર બાદ આરોપીના વિ.વ.શ્રીને સદરહુ સાહેદની ઉલટતપાસ માટે વારંવાર પોકાર કરતા આરોપી કે તેમના વકીલશ્રી અત્રે કોર્ટ સમક્ષ હાજર રહેલ ન હોવાથી તેઓને ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૧૧) ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ સમગર્ પુરાવનુ મુલ્યાકન કરવામા આવે તો ફરીયાદ પક્ષ તરફે આંક–૧૪ થી ફરીયાદ રજુ થયેલ છે જે વંચાણે લેતા તા ૩૦/૦૨/૨૦૦૧ ના રોજ ફરીયાદ તેમની ફરીયાદવાળા સરનામા ની દદુકાને હાજર હતા ત્યારે આશરે ૧૦ વાગ્યેતેઓ ની દુાકને એરક ભાઈ આવેલા અને તેઓ ને કાર ટેપ લેવુ છે તેવુ જણાવેલ જેથી ફરીયાદી એ કારટેપ બતાવેલી ત્યાર તે આવેલ ઈસમે ફરીયાદ ને કહેલ કે મારા છોકારા ને જત્રણ ટેપ બતાવી તેમ૩ાથી એક ટેપ વેચાતુ રાખીશ તેમ કહેતા ફરીયાદી તેમના કાકા ના છોકરા વિજયભાઈ ને રીક્ષામાં મોકલેલા અને કહેલ કે બે ટેપ પાછા લેતા આવજો અને જે ટેપ પંસદ પડે તે આપી ને એ ભાઈ ને દુકાને પાછા લેતા આવજો ત્યારબાદ વિજયભાઈ અને તે ઈસમ રીક્ષામાં ગયેલા ત્યારે રીક્ષામાં પેલા ઈસમે વિજયાઈ ને કહેલ કે મારી ચાવી દુાકને રહી ગઈ છે તો તમે મારી ચાવી લઈ આવો તેમ કહેતા વિજયભાઈ ચાવી લેવા દુકાને પરત આવેલા અને વિજયભાઈ દુકાનમાં ચાવી બાબતે પુછતા ચાવી મળી આવેલ નહી અને પાછા આવી ઈસમ ની તપાસ કરતા તે ઈસમ કારટેપ લઈ ને નાશી ગયેલો તે મુજબ ની ફરીયાદ દાખલ કરેલ છે. સદર કામે ફરીયાદી ભરતૂબાઈ મનસુખાભાઈ દુધાત નો આંક–૧૩ થી સાહેદ વિજયભાઈ બાવચંદભાઈ નો આંક–૧૫થી સોગંદ ઉપર મૌખીક પુરાવો રજુ થયેલ છે.જે વેચાણે

લેતા બનાવ તા.૩૦/૦૨/૨૦૦૧ના રોજ ફરીયાદ દુકાને હાજર હતા ત્યારે એકભઆઈ આવેલ અને કારટેપ વેચાતી લેવાની છે તેમ જણાવતા ટકારા કંપની નુ કારટેપ બતાવેલ અને કહેલ કે ગાડીમાં ટેપ ફીટ કરવુ છે તેમ કહી નને લઈ ગયેલ ક્ટાપ સાથે વિજયભાઈ ને મોકલેલે અને ગાડી ની ચાવી દુાકને ભુલી ગયો છુ તેમ કહી જતા રહેલ અને તે ઈસમ ની શોધખોછ કરેલી પરતુ મળી આવેલા નહી આરોપી જોઈએ ઓળખી શકુ નહી. આમ, ફરીયાદ તથા ફરીયાદી નો પુરોવો તથા સાહેદ નો પુરાવો વંચાણે લેતા ફરીયાદ મુજબ ની હકીકત ને લેશ માજ્ઞ સમર્થન આપતા નથી વધુમાં આ કામના આરોપી બનાવ ના દિવસે ફરીયાદી ના દુકાને આવેલ હોય અને કારટેપ લઈ ને ભાગી ગયેલા હોય તેવુ ફરીયાદી ના પુરાવાથી લેશ માત્ર પુરવા થતુ નથી.

વધુ માં ફરીયાદ પત્ક્ષ તરફે આંક–૧૬થી પંચ સાહેદ નરેન્દ્ર્ભાઈ જંયતિભાઈ નો પુરાવો રજુ રાખેલ છે જેમા પણ પંચ સાહેદ આંક–૧૭ વાળા પંચાનામાને લેશમાત્ર સમર્થન આપતા નથી જેથી આ પંચસાહેદ નો પુરાવા થી ફરીયાદ ની તથા પંચનામાને સમર્થન મળતુ ના હોય આ સાહેદ નો પુરાવા થી પણ ફરીયાદપક્ષ ની હકીકત ને લેશમાજ્ત્ર સમર્થન મળતુ નથી.

વધુમાં ફરિયાદ પક્ષે આંક–૧૪ થી ફરિયાદ, આંક–૧૭ થી બનાવવાળી જગ્યાનું પંચનામું રજૂ થયેલ છે. આ દસ્તાવેજોને ફરફરિયાદપક્ષ તરફે રજુ થયેલ મહત્વના સાહેદોના પુરાવાથી જ ફરિયાદપક્ષનો કેસ શંકા રહીત સાબિત થઈ શકતો નથી જેથી આ દસ્તાવેજો ગૌણ બની રહે છે.

(૧૨) આ કામે ફરિયાદપક્ષે સાક્ષીઓ તપાસ્યા બાદ અને ફરિયાદપક્ષ તરફે તેઓ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય અને હાલનો કેસ આગળ ચલાવવા માંગતા ન હોય તે વિગતેની કલોઝીંગ પુરસીર વિ.એ.પી.પી.શ્રી રજુ રાખેલ છે. તેમજ કેસના સંજોગો ધ્યાને લેતા ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓ તપાસવાથી પણ કેસની હકીકતો નિઃશંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં નામ.સુપ્રિમકોર્ટનો ૧૯૯૬(૩) ક્રાઈમ્સ ૮૫"સતીષ મહેરા વિ.દિલ્હી એડમીનીસ્ટ્રેશન" તથા (૨૦૦૮)૯ એસ.સી.સી. ૬૭૭ "નીખીલ મરચન્ટ વિ. સી.બી.આઈ" તથા (૨૦૦૮)૪ એસ.સી.સી.૫૮૨ "મદનમોહન વિ. સ્ટેટ ઓફ પંજાબ" ના ચુકાદાઓમાં નામ. સુપ્રિમ

કોર્ટે ઠરાવેલ સિધ્ધાંત કે જયારે આરોપીને તકસીરવાર ઠરાવવાની કોઈ શક્યતા જણાતી ન હોય ત્યારે કોર્ટે આવા પ્રોસીડીંગ્સ આગળ ચલાવવા ફ્યુટાઈલ એકસરસાઈઝ કરવી ન જોઈએ તે સિધ્ધાંત ધ્યાને લઈ ફરિયાદપક્ષનો પુરાવો પુરો કરવામાં આવેલ છે.

(૧૩) આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાને વંચાણે લેતા, આ કામના આરોપીઓએ એકબીજાને મદદગારી કરી, આરોપી નં.૧ નાએ આ કામના ફરિયાદીને વિશ્વાસમાં રાખી, ફરિયાદી પાસેથી ત્રણ કાર ટેપ લઈ છોકરાને બતાવીને જો ટેપ તેમને તે ટેપ તે લઈ લેશે એમ જણાવી, ફરિયાદી સાથે વિશ્વાસઘાત કરી ત્રણેય કાર ટેપ લઈ જઈ, આરોપી નં.૨ નાએ વિશ્વાસઘાત કરીને મેળવેલ મુદ્ધામાલ વેચવા માટે રાખીને તેમની સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી કરેલ હોય તેવું જણાઈ આવતું નથી. આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા. ફરિયાદીપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ નથી.

આ ઉપરાંત સદર કામે આરોપીઓનો કોઈ બદઈરાદો રેકર્ડ ઉપર આવેલ નથી અને આમ જયાં સુધી અપ્રમાણિક ઈરાદો રેકર્ડ ઉપર આવે નહિ ત્યાં સુધી હાલનો ગુનો સાબિત થયેલ ગણી શકાય નહિ. આમ, સદરહુ હકીકતને ધ્યાને રાખી, નીચે મુજબના ચુકાદાઓ જોતાં...

(૧) સદર કામે _૩૧ મી જુલાઈ, ૧૯૯૬, સતીષ મહેરા વિરૂધ્ધ વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેટીવ અને બીજા_નો ચુકાદો રજૂ થયેલ છે, તે ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લઈએ તો હાલના કામમાં ફરિયાદ પક્ષે જે પુરાવો બંધ કરવા જણાવેલ હોય તથા જેટલા પુરાવા હાલના કામમાં રજૂ થયા છે, તેનાથી સરકાર પક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ નિવડે છે અને બાકી રહી જતા સાહેદોને તપાસીને પોતાનો કેસ મજબૂત કરવામાં સરકાર પક્ષ નિષ્ફળ નિવડવાની શકયતા છે. કારણ કે, હાલના કામના અગત્યના સાહેદો સરકાર પક્ષે એટલે કે, ફરિયાદીની તરફેણમાં પુરાવા આપતા નથી તો બાકી રહી જતા સાહેદોને તપાસીને કોર્ટનો અમૂલ્ય સમય બગડતો અટકાવવા માટે સદરહુ કેસમાં જણાવેલ સિધ્ધાંતને ધ્યાને લઈ, અન્ય સાહેદો ડ્રોપ કરવા ન્યાયોચિત જણાય છે.

આમ, આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ઘ્યાને લઈએ તો, (1) AIR1977SC170 RABINDRA KUMAR DEY VS STATS OF ORRISA.:-

(1) That the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive any benefit from weakness or falsity of the defense version while proving its case;

(2) That in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and

(3) That the onus of the prosecution never shifts.

આમ, ઉપરોકત ચુકાદો ઘ્યાને તેમજ વંચાણમાં લીધેલ છે. આમ, ક્રિમિનલ જયુરીશપ્રુડન્સના ખૂબજ મહત્વના સિઘ્ધાંતો પણ ઘ્યાને લઈએ તો પણ સરકાર પક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં સંપૂર્ણ નિષ્ફળ નિવડેલ છે.

(૧૪) આમ, ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવાથી ફરિયાદ પક્ષ એ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે કે, આ કામના આરોપીઓએ એકબીજાને મદદગારી કરી, આરોપી નં.૧ નાએ આ કામના ફરિયાદીને વિશ્વાસમાં રાખી, ફરિયાદી પાસેથી ત્રણ કાર ટેપ લઈ છોકરાને બતાવીને જો ટેપ તેમને તે ટેપ તે લઈ લેશે એમ જણાવી, ફરિયાદી સાથે વિશ્વાસઘાત કરી ત્રણેય કાર ટેપ લઈ જઈ, આરોપી નં.૨ નાએ વિશ્વાસઘાત કરીને મેળવેલ મુદ્દામાલ વેચવા માટે રાખી તેમની સાથે કોઈ વિશ્વાસઘાત, છેતરપીંડી કરેલ હોય. આમ, ઉપરોકત તમામ ચર્ચાને અંતે રેકર્ડ પરનો પુરાવો ઘ્યાને લેતાં, ફરિયાદ પક્ષનો કેસ નિઃશંકપણે સાબિત થયો ન હોવાનું માની મુદ્દા નં.૨ નો જવાબ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

//–**આખરી હુકમ** –//

(૧) આ કામના આરોપી નં.(૨) રાકેશકુમાર મહિપાલસિંહ કુસ્વાલ નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૦૬, ૪૨૦, ૪૧૧, ૧૧૪ મુજબના આક્ષેપિત ગુન્હામાંથી ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૪૮(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. તથા આરોપી નં.૧

કિશોરભાઇ હકીચંદભાઇ શાહ ને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૫(૧)મુજબ બીનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૨) સદરહુ કામે મુદ્દામાલ સંદર્ભે થયેલ વચગાળાની અરજી લગતનો હુકમ કાયમ આથી રાખવામાં આવે છે.

(3) ફોજદારી કાર્યરીતી સંહિતા (સુધારેલ) માં ઉમેરાયેલ કલમ–૪૩૭(એ) ની જોગવાઈ ધ્યાને લેતાં આરોપીએ રજુ રાખેલ જામીન તથા જામીનખત આ ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રહેશે અને બાદ આપોઆપ રદ થયેલ ગણવામાં આવશે.

આ ઠરાવ આજ તારીખઃ ૩૦મી માહે સ્પ્ટેમ્બર સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી તથા સિક્કો કરીને જાહેર કર્યો.

તા. ૩૦/૦૯/૨૦૨૧
સુરત.

**(જયકાન્ત પરસોત્તમદાસ પરમાર)**
૧૪માં એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, સુરત,
(**GJ-01017)**